ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૯ ટકા

# વૃક્ષો કાપવાના મામલે પર્યાવરણ પ્રેમીઓના હૃદય દ્રવી ઉઠયા

## ચ-૦ સર્કલ પાસે શહેરના પર્યાવરણ પ્રેમીઓનું અહિંસક વિરોધ પ્રદર્શન : મુખ્યમંત્રી તથા કેન્દ્રિય મંત્રીને ૩૫૦૦થી વધુ પોષ્ટકાર્ડ લખાયા : ૨૫ હજારથી વધુ નાગરિકોની સહી ઝુંબેશ ચલાવાઈ રહી છે

ગાંધીનગર, તા.૨૦

'હરિયાળી બચાવો, ગાંધીનગર બચાવો' જેવા પોકાર ફરી એકવાર પાટનગરમાં ઉદભવી રહ્યા છે. એસ.જી. હાઈવેને પહોળો કરવા શહેરના ઘ-૦ સર્કલથી ચ-૦ સર્કલ સુધીની 'ગ્રીનવેલી' તરીકે ઓળખાતા લીલાછમ વૃક્ષોની હારમાળાને કાપવાનો નિર્ણય થવાથી શહેરના પર્યાવરણ પ્રેમીઓમાં આઘાત સાથે આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. શહેરની શોભા સમાન અને પર્યાવરણના જતન હેતુસર આ 'ગ્રીનવેલી'ને બચાવવા શહેરના પર્યાવરણ પ્રેમીઓ એક સાથે ઉમટી પડયા હતા અને ચ-૦ સર્કલે દેખાવો કર્યા હતા અને વિવિધ સુત્રો લખેલા પ્લેકાર્ડ દર્શાવ્યા હતા.

ઘ-૦ થી ચ-૦ વચ્ચેની હરિયાળીને કપાતા અટકાવવા શહેરના પર્યાવરણ પ્રેમીઓએ આજે સાંજે ચ-૦ સર્કલ પાસે અહિંસક દેખાવો કર્યા હતા. 'પર્યાવરણ બચાવો' સમિતિના નેજા હેઠળ યોજાયેલા આ પ્રદર્શનમાં શહેરના અનેક વરિષ્ઠ નાગરિકો તથા યુવાનો, મહિલાઓ વગેરે જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ હરિયાળીને બચાવવા માટે પર્યાવરણ બચાવો સમિતિ દ્વારા પીઆઈએલ પણ દાખલ કરવામાં આવી છે જે અંતર્ગત કેન્દ્ર સરકાર તથા રાજય સરકારને નોટીસ પણ પાઠવવામાં આવી છે અને તેમનો જવાબ માંગવામાં આવ્યો છે. આ સાથે



શહેરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ૩૫૦૦ જેટલા પોષ્ટકાર્ડ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીને લખવામાં આવ્યા છે. આ સાથે ૨૫ હજારથી વધુ પર્યાવરણ પ્રેમીઓની સહી ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે. પર્યાવરણ સમિતિ દ્વારા આ ઝુંબેશ સાથે વ્યાપક સંખ્યામાં વૃક્ષો વાવવા, ઉછેરવા તેમજ વૃક્ષોને કાપતા રોકવા એ પ્રકારનો સૂર રહ્યો છે.

આજના વિરોધ પ્રદર્શનમાં શહેરના અરૂણભાઈ બુચ, એચ.બી. વરીયા, સુધાબેન પાંડે, રવિન્દ્રભાઈ દવે, ડૉ. ચેતના બુચ, નીતિનભાઈ પટેલ, જૈનુલભાઈ પટેલ, ડૉ. અનિલ પટેલ, ભાનુપ્રસાદ પુરાણી, સુધીર દેસાઈ, અમિતા બુચ, જયોતિન્દ્ર દવે, બી.એ. શુકલ, આશિષબા ઝાલા વગેરે સહિત મોટી સંખ્યામાં અગ્રણી પર્યાવરણ પ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લડતને આખરી ઓપ આપી રીઝર્વ ફોરેસ્ટની હિમાયત કરવા સાથે વૃક્ષોને બચાવી પ્રાણી સૃષ્ટિ અને પક્ષી સૃષ્ટિને બચાવી ભાવિ પેઢીના ગુનેગાર ન બનીએ તે દિશામાં પ્રયત્નો કરવા સહમતિ સાધવામાં આવી હતી.

# આજે સૌથી લાંબો દિવસ

## આજનો દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ અને ૨૦ સેકન્ડનો રહેશે



ગાંધીનગર, તા.૨૦

વર્ષમાં એકવાર સર્જાતી ખગોળીય ઘટનાના પગલે આજે દિવસ સૌથી લાંબો હશે અને રાત સૌથી ટૂંકી, દિવસ રાતના સમય અંગે ત્રણ દિવસો મહત્વના હોય છે. ૨૨ ડિસેમ્બર, માર્ચ ૨૦, ૨૧ અને આજનો દિવસ ૨૧ જૂન જે મુજબ આજે ૨૧મી જુન સૌથી લાંબો દિવસ છે.

દિવસ રાતની લંબાઈ ચંદ્રની દિશા, ગતિ અને સૂર્ય તરફથી પૃથ્વીનો ઝુકાવ સાથે સૂર્યની પરિભ્રમણ ગતિ પર આધારિત હોય છે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલના જણાવ્યા મુજબ દક્ષિણયાન તથા વર્ષાઋતુમાં સૂર્ય સાયન કર્કમાં પ્રવેશતા દક્ષિણયાન તથા વર્ષાઋતુ શરુ થાય છે આજે સૂર્યાસ્ત સમયે સૂર્ય ક્ષિતિજ પણ તે બિંદુના દક્ષિણ તરફ આથમશે. આ રીતે છેક ૨૨મી ડિસેમ્બર સુધી દરરોજ સૂર્ય વધુને વધુ દક્ષિણ તરફના બિંદુએ જ આથમતો જશે અને ૨૨મી ડિસેમ્બરથી સૂર્ય ઉત્તરાયણમાં આવશે.

ગાંધીનગરમાં આજે સૂર્યોદય સવારે ૫ વાગ્યેને ૫૫ મિનિટે થશે અને સૂર્યાસ્ત સાંજે ૧૯ કલાકને ૨૬ મિનિટે થશે. દિવસ ૧૩ કલાક અને ૩૧ મિનિટનો રહેશે. એટલે કે ૧૨ કલાકના દિવસની જગ્યાએ લગભગ ૧ કલાક અને ૩૧ મિનિટ દિવસના સમયગાળામાં ઉમેરાશે.

**શહેરમાં આજે**
સૂર્યાસ્ત : ૫ કલાક ૫૫ મિનિટ ૨૦ સેકન્ડ
સૂર્યાસ્ત : ૧૯ કલાક ૨૬ મિનિટ ૪૦ સેકન્ડ

### આદર્શ નિવાસી શાળામાં મહેંદી સ્પર્ધા યોજાઈ

સે-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા ખાતે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની ધોરણ ૯ થી ૧૨ની કુલ ૧૯૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રિયંકા જે રાઠોડ, અંજના એસ.રાઠોડ, દિવ્યાંગ પી. પરમાર અને હેતલ ડી. મકવાણાને શ્રેષ્ઠ મહેંદી ડિઝાઈન માટે અનુક્રમે એક થી ચાર નંબર આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે લાયન્સ કલબના વૈશાલીબેન જોષી, ડિમ્પલબેન દેસાઈ અને દક્ષાબેન જાદવે સો આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક આર.આર. ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર અને નંબર લાવનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય જે.એસ. રાવલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સે-૨૪માં અસામાજીક તત્વોનો ત્રાસ રહીશોની ઉચ્ચકક્ષાએ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૨૪ ખાતે આવેલા ઈન્દીરાનગરમાં અસામાજીક તત્વોનો આંતક વધી જવા પામ્યો છે. ઈન્દીરાનગર ખાતે રહેતા ત્રણ ભાઈઓએ અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલા છે. ત્રણ ભાઈઓના આતંકથી કંટાળી ગયેલા સ્થાનિક રહીશોએ મંત્રી, ડીજીપી, એસપી અને માનવ અધિકાર પંચમાં ફરીયાદ કરીને સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે અસામાજીક તત્વોનો ત્રાસ ખુબ જ વધી જવા પામ્યો છે. અસામાજીક ત્તત્વોના ડરથી સામાન્ય માણસ તેમની સામે આંખ ઉંચી કરીને પણ જોઈ શકતા નથી. આ વિસ્તાર અસામાજીક પ્રવૃતિનો અડ્ડો બની ગયો છે. સ્થાનિક નાગરીકોનો આક્ષેપ છે કે આ ત્રણ ભાઈઓ ગેરકાયેદસર પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે અને સરકારી જમીન પર તાર ફેન્સીંગ કરીને દબાણ ઉભુ કરીને જમીન હડપ કરી જવાનો કારસો રચી રહ્યા છે. સ્થાનિક નાગરીકોના જણાવ્યા મુજબ ગુનાહીત ઈતિહાસ ધરાવતા આ તત્વો નકલી પોલીસના સ્વાંગમાં હપ્તા પણ ઉઘરાવે છે તેમજ દારુ-જુગારની બદીથી ખદબદતા આ તત્વોને તેમના પરિવાર દ્વારા પણ પ્રોત્સાહન પુરુ પાડવામાં આવી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૨૪ ઈન્દીરા નગર વિસ્તારના રહીશોની લાગણી અને માંગણી છે કે આ અસામાજીક તત્વો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. તે માટે રહીશોએ ઉચ્ચકક્ષાએ પણ ફરીયાદ કરી છે.

### વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની આ વર્ષની નવમી વાર્ષિક વહીવટી અને હિસાબી અહેવાલની કામગીરી માટે તા. ૨૩ જૂનના રોજ બપોરે ૧ વાગે સે-૧૨ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે વાર્ષિક સામાન્ય સભા યોજાશે. સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડ દ્વારા તમામ આજીવન સભાસદોને સમયસર હાજર રહેવા જણાવાયું છે.

### વિનામૂલ્ય જયોતિષીય માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૨૨ જુનના રોજ સવારે ૧૦.૧૫ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭.૩૦ કલાક દરમિયાન વિના મુલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કુડાસણ સ્થિત હરીગોલ્ડ એપાર્ટમેન્ટ દુકાન નં. ૧૨૧ ખાતે યોજાનાર કેમ્પમાં હસ્તરેખા, કુંડળી, અંકશાસ્ત્ર, ટેરોટ કાર્ડ, પ્રશ્ન કુંડળી, પેન્ડુલમ, રમલ શાસ્ત્ર દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવશે.

## સે-૧૬માં પાર્કિંગ અંગે કેબીનેટ મંત્રીના કાર્યાલયના અધિકારી અને પોલીસ કર્મચારી વચ્ચે ચકમક ઝરી

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરના માર્ગો પર ટ્રાફિક સમસ્યા વિકરાળ બની જવા પામી છે.ત્યારે સેકટર-૧૬ બેકીંગ એરીયા તો સૌથી વધુ ટ્રાફિક સમસ્યા સર્જાય છે તેવા સમયે કેબીનેટ મંત્રીના કાર્યાલયના અધિકારી અને પોલીસના કર્મચારી વચ્ચે પાર્કીંગને લઈ જાહેરમાં ચકમક ઝરી હતી. બંન્ને અધિકારીઓએ જાહેરમાં હોહા કરતા તમાશો ખડી કરી દીધો હતો.

શહેરના સેકટર-૧૬ માં પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ તાજેતરમાં કેબીનેટ કક્ષાના મંત્રી કાર્યાલયના અધિકારી કામઅર્થે બેકીંગ એરીયા તરફ ગયા હતા. તે સમયે અધિકારીની ગાડી પાર્ક કરી હતી. તે સમયે અન્ય પોલીસ લખેલી કાર આવી ગઈ હતી અને માર્ગ પર પાર્ક કરીને કામ અર્થે જતા રહેતા કાર્યાલયના અધિકારીને અડધો કલાક જેટલો સમય ગાડી ન નીકળતા રાહ જોવી પડી હતી. ત્યારબાદ કાર માલિક આવતા તેમનું નામ પુછતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ભુલ કબુલવાની જગ્યાએ કારમાં બેસીને દરવાજો બંધ કરી દીધો હતો.જેથી અધિકારી અને પોલીસ કર્મચારી વચ્ચે જાહેરમાં રકઝક થતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. ત્યાંથી બંને અધિકારી-કર્મચારી રોફ મારીને જતા રહ્યા હતા. પરંતુ માર્ગ વચાળે આ બખેડો ઉભો થતા નાગરીકો પણ અચંબામાં પડી ગયા હતા. ત્યારે પોલીસનો રોફ મારી અડચણ રૂપ પાર્કીંગ કરતા કર્મચારીઓ પર અંકુશ લાવવો અનિવાર્ય બની ગયો છે.

# સેકટર-૭ એ ખાતેથી સરકારી સુમો ચોરાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર વાહનચોરી માટે સોફટ ટાર્ગેટ બની ગયું છે, ખાનગી તો ઠીક પણ હવે ચોર ટોળકી સરકારી વાહન ચોરી કરતા અચકાતા નથી. શહેરમાં બાઈક ચોરી આંતરે દિવસે નોંધાય છે, ત્યારે ગાડી ચોર પણ બેફામ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. પોલીસના સઘન રાત્રી પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર ટોળકી પોતાના કામને અંજામ આપી ફરાર થઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૭ એ માંથી સરકારી સુમો ગોલ્ડ કારની ગઈરાત્રીએ ચોરી થવા પામી છે. શહેરના સેકટર-૭ એ ખાતે ૬-૨ ચ ટાઈપ ખાતે ડે.એકઝીકયુટીવ પંચાયત સિંચાઈ પેટા વિભાગ ૦૨ ખાતે ફરજ બજાવતા નરેશકુમારે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે ગઈકાલ સાંજના સુમારે પોતાની ઓફિસ પાસે કોમન પ્લોટમાં સુમો ગોલ્ડ ગાડી નં. જી.જે.૧૮.જી.એ.-૧૮૭૯ પાર્ક કરી હતી. ફરજ પુરી કરી ને નરેશકુમાર અમદાવાદ શ્યામલ ચાર રસ્તા પાસે કૌશલ્યા ધામ એપાર્ટમેન્ટ ખાતે તેમના નિવાસ સ્થાને ગયા હતા. આજે સવારે ઓફિસના સમય મુજબ આવીને તેઓએ જોયું તો પાર્ક કરેલી સુમો ગોલ્ડ ગાડી સ્થળ પરથી ગાયબ હતી. જેથી નરેશકુમારે આસપાસમાં ગાડી અંગે તપાસ કરી હતી પરંતુ ગાડી મળી નહીં આવતા નરેશકુમારે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પેથાપુર સીમમાં ફેબ્રિકેશનના કારખાના પાસેથી બાઈકની ઉઠાંતરી

### નેશનલ સ્ટીલ ફર્નીચરના કારખાના પાસેથી ચાર માસ અગાઉ પાર્ક કરેલા બજાર ડિસ્કવર બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨૦

રાંધેડા ચોકડી થી ક-૭ તરફ જવાના માર્ગ પર પેથાપુરની સીમમાં આવેલ નેશનલ સ્ટીલ ફર્નીચરના કારખાના પાસેથી ચાર માસ અગાઉ પાર્ક કરેલા બજાર ડિસ્કવર બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક માલિક રાજસ્થાન મરણ પ્રસંગે ગયેલ હોવાથી પરત ફરતા પેથાપુર પોલીસ મથકે બજાજ ડિસ્કવર બાઈક રૂ.૧૦ હજારની ચોરી અંગે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ વલીખાન કમાલખાન શેખ ઉં.વ.-૪૬ રહે. સેકટર-૨૬ ગ્રીનસીટી મકાન નં. ડી-૨ ગાંધીનગર, (મુળ રહે. નિમલા, તા.જી. ઝાલોર રાજસ્થાન) ખાતે ભાડેથી પરિવાર સાથે વસવાટ કરે છે અને ક-૭ વસંતવગડા તરફ જવાના રાંધેજા ચોકડી થી ક-૭ તરફ જતા માર્ગ પર પેથાપુર સીમમાં ચંદુભાઈ પ્રજાપતિની જગ્યામાં નેશનલ સ્ટીલ ફર્નીચરનો વેપાર કરે છે. ફેબીકેશનના કારખાના ખાતે વર્ષ -૨૦૧૨ના મોડલનું બજાજ ડિસ્કવર ૧૨૫ સીસીનું લાલકલરનું પડ્યું રહેતુ હતું. જેનો નં. જી.જે.૧૮.સી.બી.-૭૨૮૨ હતો. તે બાઈકનો ઉપયોગ વેપાર ધંધા માટે આવન-જાવન કરતો હતો. પરંતુ મોટર સાયકલ બગડેલ હોવાથી કારખાના પાસે પાર્ક કરેલું હતું. ગત તા. ૪-૨-૧૯ ના રોજ બાઈક કારખાના પાસે પાર્ક કરેલ જે તે સ્થળે હતું. પરંતુ બીજા દિવસે તા.૫ ફેબ્રુઆરીના રોજ સવારમાં આઠ વાગ્યાના અરસામાં કારખાના ખાતે પહોંચીને જોયું તો બાઈક ગાયબ હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરી પરંતુ મળી આવેલ ન હતું. ત્યારબાદ અચાનક વતન ખાતે મરણ પ્રસંગે જવાનું થયુ હોવાથી ઘરે ગયા હતા. ત્યારબાદ ગાંધીનગર પરત ફરીને બાઈક અંગે પેથાપુર પોલીસ મથકે વલીખાન રૂ.૧૦ હજારના બાઈક અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શનિવારે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૨૨મી કાર્યશાળામાં 'ગુજરાતી ભાષામાં સંધી' શિખવાડાશે

ગાંધીનગર, તા.૨૦

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત ભાષા સજ્જતા માટે આગામી તા. ૨૨મી જૂન શનિવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં બપોરે ૩.૩૦ થી ૬ કલાક દરમિયાન ૨૨મી કાર્યશાળા યોજાનાર છે. આ કાર્યશાળામાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી, સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર, ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ એવા કલ્પેશભાઈ પટેલ 'ગુજરાતી ભાષામાં સંધી'નો રસપ્રદ વિષય પોતાની આગવી શૈલીમાં ભણાવશે. ચોક અને બોર્ડ મારફતે પરંપરાગત રીતે અને જીવંત પ્રશ્નોત્તરી સાથે તથા ભાષાના વિદ્વાનોની હાજરીમાં વિના મૂલ્યે યોજાનાર આ વર્ગમાં ભાગ લેવા ભાષા પ્રેમીઓ, પત્રકારો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, લેખકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉચિત વ્યવસ્થા થઈ શકે તે માટે આગમનની જાણ કાર્યશાળાના સંયોજક સંજયભાઈ પંડયાને તેમના વ્હોટસએપ નં. ૯૮૨૫૭૦૯૭૭૮ પર કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

### ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધી મિત્ર વર્તુળની જૂન માસની બેઠક તા. ૨૨ જૂનના રોજ સાંજે ૫.૦૦ કલાકે ૬૨૮ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે યોજાશે. ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને યોજાનાર બેઠકમાં ગાંધી સાહિત્યનું વાંચન તથા ગાંધી ૧૫૦ સંદર્ભે વાર્તાલાપ કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ સચિનકુમાર પોપટભાઈ, ઉ.વ. ૨૭
- સ્વ. રતનસિંહ કેદુસિંહ બિહોલા, ઉ.વ. ૫૮

# ફી વધારા સહિતના મુદ્દે સતત ત્રણ દિવસથી આઈઆઈટીઈના વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન

## બે દિવસથી શરૂ કરાયેલા ઉપવાસમાં સાત વિદ્યાર્થીનીઓની તબિયત લથડી : આશરે ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓના ત્રણ દિવસથી કેમ્પસમાં ધામા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં સેકટર-૧૫ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશના-આઈઆઈટીઈના તાલીમાર્થીઓ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી ફી વધારા સહિતની વિવિધ માંગણીઓને અનુલક્ષીને હડતાલ પર ઉતર્યા છે. જેમાં ગઈકાલથી ચાલુ કરાયેલા અચોકકસ મુદતના ઉપવાસ દરમિયાન સાત વિદ્યાર્થીની સહિત કુલ આઠ તાલીમાર્થીઓની તબિયત લથડી હતી. આ તાલીમાર્થીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસપિટલ લઈ જઈ સારવાર આપવામાં આવી હતી. આ સાથે જ મોડી સાંજ સુધી વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન સતત ચાલુ રહ્યું હતું તેમ છતાં યુનિવર્સિટીના રજીસ્ટ્રારે તેમને મળવા આવવાનો ઈન્કાર કરી દીધો હતો તેવું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

છેલ્લા ત્રણ દિવસથી લડતે ચડેલા ૨૫૦થી વધુ આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ દ્વારા સતત સુત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે અને બે દિવસથી ઉપવાસ પર ઉતરેલા વિદ્યાર્થીઓની તબિયત પણ લથડવા માંડી છે છતાં યુનિવર્સિટી સંચાલકો દ્વારા કોઈ મચક આપવામાં આવતી નથી તેવું વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે. વિદ્યાર્થીઓએ આપેલા આવેદનપત્રમાં જણાવેલ તેમની મુખ્ય માંગણીઓમાં સોમેસ્ટરની ફી ગુજરાત સરકારની મંજુરી અનુસાર લેવા, કન્યા કેળવણી અંતર્ગત વિદ્યાર્થીનીઓની ટયુશન ફી ન લેવા, લીધેલી ફી પરત કરવા, માસ્ટર કોર્ષનો સમય પહેલા મુજબ બપોર પછીનો રાખવા, કેમ્પસમાં પાયાની જરૂરિયાતો જેવી કે વર્ષ પ્રારંભે એકેડેમિક કેલેન્ડર આપવું, વિદ્યાર્થીઓને વાઈ ફાઈની સુવિધા આપવી, કેન્ટિન, સ્ટેશનરી, બૉયઝરૂમ વગેરેની સુવિધા આપવી જેવી માંગણીઓ ઉપરાંત હોસ્ટેલમાં ગર્લ્સ હોસ્ટેલ માટે મહિલા ગાર્ડ, હોસ્ટેલનો આઉટીંગ સમય પહેલા મુજબ કરવો, હોસ્ટેલના રૂમોની યુનિવર્સિટીના ખર્ચે મરમ્મત કરાવવી, ગેસ્ટરૂમની સગવડ, ભોજન ખંડની મરમ્મત, પીવાના શુધ્ધ પાણી માટે આરઓની સુવિધા તથા હોસ્ટેલમાં પણ વાઈફાઈની સુવિધા આપવા સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે. આ માંગણીઓ માટે આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ સ્હેજ પણ નમતું જોખવાના મુડમાં દેખાતા નથી અને ઉપવાસ આંદોલન દરમિયાન વિદ્યાર્થીનીઓની તબિયત લથડી રહી છે ત્યારે આ પ્રકરણનો ઉકેલ કયારે અને કેવો આવશે તે શહેરના શૈક્ષણિક આલમમાં ચર્ચાનો વિષય બન્યું છે.

